# હિંમતનગર ખાતે સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મ નિર્ભર, ભારત અભિયાન અને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇના સંવેદનશીલ નેતૃત્વમાં ગુજરાત નિરંતર પ્રગતિ કરી રહ્યું છે : પ્રદિપસિંહ જાડેજા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાકક્ષાના ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઇ હતી. જેમાં ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ધ્વજવંદન કરી ત્રિરંગાને સલામી આપી આઝાદીના ઘડવૈયાઓ અને વીર જવાનોને દિલથી પાવન પ્રસંગે યાદ કર્યા હતા.

આઝાદીના ૭૪મા પર્વની સૌને શુભકામના પાઠવતા ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દેશના સુરક્ષા દળોમાં ગુજરાતી યુવાનોની હિસ્સેદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સાથે જિલ્લાના "સૈનિકોના ગામ" તરીકે ઓળખ મેળવનાર વિજયનગરના કોડિયાવાડા ગામને નમન કરી સાબરકાંઠાની ઓળખ એવા આપણા ગુજરાતી સાહિત્યને ઉચ્ચ કોટીનું સન્માન અપાવનાર કવિશ્રી ઉમાશંકર જોષી, શ્રી પન્નાલાલ પટેલ, શ્રી જયવદન પટેલ અને અભિનય સમ્રાટ ઉપેન્દ્ર- અરવિંદ ત્રિવેદીની જોડીને યાદ કર્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોરોના મહામારીના સમયમાં રાજ્યમાં પ્રથમ પોઝીટીવ કેસ આવ્યા બાદ રાજયની નિર્ણાયક સરકારે ગણતરીના દિવસોમાં જ ચાર મહાનગરોમાં ૨૨૦૦ બેડની ક્ષમતાવાળી ડેડિકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલોની સાથોસાથ પ્રત્યેક જિલ્લામાં ૧૦૦ બેડની ક્ષમતાવાળી કોવિડ હોસ્પિટલો કાર્યરત કરી દેવામાં આવી. સરકારમા સજાગ પ્રયાસોથી આજે મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થઈ દર્દીઓ ઝડપથી સાજા થઈ ઘરે જઈ રહ્યા છે. આજે આપણા ગુજરાતનો રીકવરી રેટ ૭૭ ટકાએ પહોચ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને ૧,૧૦૦ જેટલા ઘન્વંતરી રથની સેવાને બિરદાવી છે.

કોરોના વાયરસના કારણે ફરજ પર હાજર કર્મચારી/ અધિકારીઓના મૃત્યુના કિસ્સામાં ૪.૭૫ કરોડની આર્થિક સહાય ચુકવાઈ. ગુજરાત સરકારે દેશભરમાં ૧,૦૦૦ શ્રમિક વિશેષ ટ્રેન અને બસો દ્વારા ૨૦ લાખ જેટલા શ્રમિકોને વતન મોકલવાના સંવેદનશીલ પગલા લીધા હતા.

વધુમાં ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકડાઉનના દૂરંદેશીપૂર્વકના પગલાને સમગ્ર વિશ્વએ વખાણ્યો છે. સાથે ૫૦૦ વર્ષથી ચાલ્યા આવતા રામ જન્મભૂમિના પ્રશ્નનો સખુદ ઉકેલ લાવી રામ લલ્લાના ભવ્યમંદિરનો શિલાન્યાસ કર્યો છે. જે સૌ કોઈ ભારતવાસી માટે આનંદરૂપ છે. સાથે લોકડાઉન બાદ રાષ્ટ્ર વિકાસની પટરી ઉપર પુનઃ આવે તે માટે રૂ. ૨૦ લાખ કરોડનું ' આત્મ નિર્ભર ભારત ' પેકેજ જાહેર કર્યું છે. જેના પગલે રાજ્ય સરકારે રૂ. ૧૪,૦૦૦ કરોડનુ ઐતિહાસિક આત્મનિર્ભર ગુજરાત સહાય પેકેજ રાજયની જનતાને આપ્યું છે. જેના પરિણામે નાના વેપારીઓ, કારીગરો, ખેડૂતો, આદિવાસીઓ, ગરીબો, પશુપાલકો અને શ્રમિકોનું આર્થિક સશક્તિકરણ થઈ રહ્યું છે. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે ધિરાણ આપી તેમનુ આર્થિક સશક્તિકરણ કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ લાખથી વધુ ખેડૂતોએ લાભ લીધો છે. રાજયનો પિયત વિસ્તાર ૩૮.૭૮ લાખ હેક્ટરથી વધી વર્ષ ૨૦૧૮માં ૬૮.૨૮ લાખ હેક્ટર થયો છે.

ગુજરાતને સુપોષિત બનાવવા પોષણ અભિયાનનો નવતર અભિગમ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના ,નવ લાખ યુવાનોને નમો ઈ- ટેબ, છેલ્લા ચાર વર્ષમાં એક લાખથી વધુ યુવાઓને પારદર્શક પ્રક્રિયાથી સરકારી નોકરી અને ચાર હજાર ભરતીમેળા યોજી ૧૦ લાખથી વધુ યુવાઓને રોજગારી- સ્વરોજગારી આપવામાં આવી છે.

શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત સરકારની પ્રાથમિકતા હોવાનુ જણાવી મંત્રીશ્રી એ ઉમેર્યું હતુ કે, "વિશ્વાસ" અને "સાયબર આશ્વાસન " પ્રોજેકટનો શુભારંભ કરી ગુનાઓને શોધવા અને અટકાવવા તરફ એક મોટુ કદમ ભરેલ છે. સાથે રીજીયોનલ સાઈબર ક્રાઈમની કો-ઓર્ડીનેશન સેન્ટરની રચના કરી છે. " ઈ-ગુજકોપ, પોકેટ કોપ અને સીટીઝન ફસ્ટ " મોબાઈલ એપ તેમજ ચેઈન સ્નેચીંગ જેવા ગુનાઓ સામે કડક કાયદા દ્વારા નાગરીકોની સુરક્ષા માટે ગુજરાતના સુરક્ષા કર્મીઓ સતત ખડેપગે છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ વિવિધ વિકાસના કામોના લોકાર્પણ કર્યા હતા. તેમજ "ધ કોરોના વોરિયર્સ" પુસ્તકનું વિમોચન કર્યું હતું.કોરોના મહામારીમાં યોગદાન દાતાશ્રીઓનુ સન્માન કરવામાં આવ્યું. ગંગા સ્વરૂપા લાભાર્થીઓને આર્થિક સહાય વિતરણ કરાઈ હતી.






ખેડબ્રહ્મામાં તાલુકા અને શહેરી કક્ષાનો સંયુક્ત ધ્વજવંદનનો કાર્યક્રમ શેઠ કે.ટી. હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો, જ્યા પ્રાંત અધિકારી એચ.યુ. શાહ દ્વારા સલામી આપવામાં આવી હતી. કોરોના મહામારીમાં કામ કરનાર કોરોના વોરિયર્સને સન્માનવામાં આવ્યા હતા.

### વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી થરાદના શિક્ષકે

# શ્રીલંકામાં કિડની વેચી ૧૫ લાખ ચૂકવ્યા, છતાં ધમકીઓ ચાલુ રહેતા પોલીસ ફરિયાદ

**૨૦૧૨માં ઘરમાં સામાજીક પ્રસંગ કરવા માટે વ્યાજે લીધેલા ૭ લાખના શિક્ષકે ૨૦૧૪માં વ્યાજખોરોને કિડની વેચી ૧૫ લાખ ચૂકવ્યા**

ગઈકાલે દેશે ૭૪મું સ્વતંત્રતા પર્વ ઉજવ્યું હતું. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં દેશ આઝાદ થઈ ગયો પરંતુ અંગ્રેજોને શરમાવે તેવા જુલમ વ્યાજખોરો લોકો ઉપર વરસાવી રહ્યા છે. થરાદના એક શિક્ષકને ૨ વ્યાજખોરોએ વ્યાજની વસૂલાત કરવા માટે કિડની વેચવા મજબૂર કર્યો હતો. શિક્ષકે છેક શ્રીલંકાના કોલંબોની એક હોસ્પિટલમાં તેની કિડની રૂ. ૧૫ લાખમાં વેચી હતી. એ મળેલા રૂ.૧૫ લાખમાંથી બંને વ્યાજખોરો પૈકી એકે રૂ. ૮ લાખ અને બીજાએ રૂ. ૭ લાખ વસૂલ્યા હતા. આ મામલે થરાદ પોલીસે વ્યાજખોરો અને તેના મળતીયાઓ વિરુધ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શિક્ષકે વ્યાજખોરો અને તેના મળતીયાઓ સામે ફરિયાદ નોંધાવી : (૧) હરેશ પ્રભુભાઈ વજીર કંસ (ભાટી) રહે. રાશિયા શેરી, થરાદ (૨) દેવાભાઈ ઓખાભાઈ રબારી રહે- ગામ મોરીલા તાલુકો થરાદ (૩) ઓખાભાઈ માનસંગભાઈ રબારી રહે-ગામ મોરીલા તાલુકો થરાદ (૪) વશરામભાઈ ચોથા ભાઈ રબારીરહે- ગામ મોરીલા તાલુકો થરાદ

સામાજીક પ્રસંગ પૂરા કરવા લીધેલી રકમનું વ્યાજ ચૂકવવા કિડની વેચવી પડી રાજાભાઈ ગમાજી પુરોહિત શિક્ષક તરીકે નોકરી કરે છે અને થરાદની સત્યમ નગર સોસાયટી માં રહે છે. તેઓ મુળ મોરીયા ગામના રહીશ છે. ૨૦૧૨માં સામાજિક પ્રસંગ માટે નાણાંની જરૂર ઊભી થતાં તેમના ગામ ૨ વ્યક્તિ પૈકી એક પાસે રૂ. ૩ લાખ અને બીજા પાસે ૪ લાખ લીધા હતા.

ત્રણ લાખ લીધા તેમાં વ્યાજની રકમ નક્કી કરાઈ ન હતી. છ મહિના બાદ ૩૦ હજાર વ્યાજ પેટે આપ્યા હતા. ત્યારબાદ એક વર્ષે હિસાબ કરતા ત્રણ લાખ આપ્યા હતા, ત્યારે વ્યાજખોરે શિક્ષકને એમ કહ્યું હતું કે, ૧૦% લેખે ખાલી વ્યાજ મળ્યું છે મૂડી તો બાકી છે વ્યાજ મામલે તેણે તેની સાથે વાત કરતા શિક્ષકને મા બહેનની બીભત્સ ગાળો ભાંડી હતી. એટલું જ નહીં વ્યાજના રૂપિયા ન આપે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેથી શિક્ષકે જેમ તેમ કરીને ૨૦૧૪માં તેમને સાત લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. જ્યારે ગામના અન્ય વ્યાજખોર પાસેથી લીધેલા ચાર લાખનું સાડા છ % વ્યાજ નક્કી કરાયું હતું. છતાં ચૂકવવા જતાં ૨૦૧૪માં આઠ લાખ પડાવી લીધું હતું.




પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાના ૭૪ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગૌરા હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને સલામી આપવામાં આવી હતી. બીજી તસવીરમાં પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના સફાઈ કામદારો તથા કોરોના વોરીયર્સોનુ સન્માન કરવામાં આવ્યું હતું.

# મોડાસા ખાતે સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી

## જિલ્લાની જનતાની આરોગ્યની સુખાકારી માટે કામ કરતા કોરોના વોરીયર અભિનંદનને પાત્ર છે : અમૃતેશ ઔરંગાબાદકર

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાકક્ષાના ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની મોડાસા ખાતે આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ઈજનેરી કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ધ્વજારોહણ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ધુનની સુરાવલીઓ વચ્ચે રાષ્ટ્રના આન-બાન-શાન સમો ગૌરવવંતો ત્રિરંગો લહેરાવી સલામી આપી ધ્વજવંદન કરાયું હતુ.

રાષ્ટ્રભૂમિના ઋણ અદા કરવાના આ અનેરા પ્રસંગેને શહિદવીર સપૂતોને વંદન કરી રાજય સરકારની કોરોના સામેની જંગમાં અહર્નિશ સેવારત આરોગ્ય, પોલીસ, પંચાયત અને મહેસૂલી કર્મીઓની સેવાઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. જેમણે કોરોનાના કપરાકાળમાં પરીવારની ચિંતા સાથે રાષ્ટ્રસેવાને સમર્પિત રહ્યા.

અરવલ્લી જિલ્લો ખૂબ જ ટૂંકા સમયગાળામાં વિકાસની ક્ષિતિજો સર કરી છે. આ જિલ્લાની જનતાને કેટલાય લાંબા સમયથી સિવિલ હોસ્પિટલનું નિર્માણ થાય એ સ્વપ્ન હતું જે ટૂંક સમયમાં પૂર્ણ થશે જેના માટે મોડાસાના પાલનપુર ગામે જગ્યાની ફાળવણી કરી આરોગ્ય વિભાગને કબ્જો સોંપવામાં આવ્યો છે. જેના થકી ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારોને જીવેલણ બિમારીઓ સામે રક્ષણ મળી રહેશે.

અરવલ્લી જિલ્લામાં કૃષિક્ષેત્રે નવી ક્રાંતિ તરફ કદમ માંડ્યા છે જિલ્લાના દોલપુર મડાસણ અને કિશોરપુરા કંપાઓએ સો ટકા સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવીને જળસંગ્રહની નવી રાહ ચિંધી છે, તેમણે ખેડૂતોની આવક બમણી કરવાના રાજય સરકારના પગલાને બિરદાવતા જણાવ્યું હતું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકારે ટેકાના ભાવ જાહેર કર્યા છે. જેમાં મગફળી ઉત્પાદન કરતા ૧૦૧૫૭ ખેડૂતોની કુલ ૧૭૭૭૫ મેટ્રીક ટનની ખરીદી કરાઈ અને રૂ. ૯૦.૪૭ કરોડ રકમ ખેડૂતોના ખાતામાં સીધે સીધી જમા કરાવીને ખેડૂતોને આર્થિક સશક્તિ કરણ કરવાનું કામ કર્યુ છે. જયારે અરવલ્લી જિલલામાં આત્મનિર્ભર ગુજરાતમાં સહાય યોજનામાં કુલ ૬૯૦ લાભાર્થીઓની રૂ. ૬.૮૭ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે જે પૈકી ૩૮૭ લાભાર્થીઓને રૂ. ૩.૮૭ કરોડની સહાય ચૂકવાઈ છે.

લોકડાઉન અને અનલોકના સમયગાળા દરમિયાન જન સામાન્યને સંપૂર્ણ સેવાઓ પુરી પાડવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન બાળકોને પુરક પોષણ મળી રહે તે માટે સુખડીનું વિતરણ કરાયું છે. જયારે સ્વચ્છ અરવલ્લીની વાત કરતા ઉમેર્યુ હતુ કે આપણો જિલ્લો ખુલ્લામાં શૌચમુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે.




## ભિલોડા મામલતદાર કચેરીમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ભિલોડા મામલતદાર કચેરી પરીસરમાં ૭૪માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. ડૉ.અનિલભાઈ જોષીયારા, દોલજીભાઈ કોટડ પ્રમુખ, તાલુકા પંચાયત, કાંતીભાઈ પટેલ પ્રમુખ તાલુકા ભાજપ સંગઠન, મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, વાલજીભાઈ પરમાર, મામલતદાર આર. વી. વણકર, પી.એસ.આઈ. કે. કે. રાજપુત રાજકીય, સામાજીક આગેવાનો, વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મામલતદાર કચેરી પરીસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી બજાવતા કોરોના વોરીયર્સનું સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરાયુ હતું.

# બનાસ ડેરી ખાતે સ્વાતંત્ર દિન પ્રસંગે ધ્વજવંદન યોજાયું

**બનાસડેરીના કર્મયોગીઓની ટીમવર્કથી કોરોના મહામારીમાં પણ પશુપાલકોનું દૂધ લેવાનું ચાલુ રહ્યું છે તે મોટી સિદ્ધિ છે : શંકરભાઈ ચૌધરી**

પાલનપુર, તા. ૧૬

બનાસ ડેરી ખાતે ૭૪માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ધ્વજવંદન કરીને જિલ્લાવાસીઓ અને જિલ્લાના પશુપાલકોને સ્વાતંત્ર પર્વની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું કે બનાસડેરીના કર્મચારી મિત્રોની ટીમ વર્કની ભાવના અને મહેનતને પરિણામે કોરોના મહામારીમાં પણ એક પણ દિવસ પશુપાલકોનું દૂધ ઘેર રહ્યું નથી. તેમણે ઉમેર્યુ કે દેશભરમાં લોકડાઉનને કારણે ધંધા-રોજગાર બંધ રહ્યા હતા તેવા સંજોગોમાં પણ આપણી ડેરી ધબકતી રહી છે અને માત્ર લોકડાઉનના સમયગાળા દરમિયાન જ પશુપાલકોને ૨૦૦૦ કરોડથી પણ વધારે રકમ આપણે ચૂકવી શક્યા છીએ. આમ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ આપણો સંકલ્પ સાચો હોય તો પરિણામ મળતું જ હોય છે.

તેમણે જણાવ્યું કે પાંચ વર્ષ પહેલાં પશુપાલકોને રોજના ૯ કરોડ રૂપિયા ચૂકવતા હતા તે વધીને હવે ૨૪ કરોડ રૂપિયાનું ચુકવણુ બનાસડેરી કરી રહી છે. કર્મચારી મિત્રોને અભિનંદન આપતાં જણાવ્યું કે તમે માત્ર પગાર માટે નોકરી નથી કરતા પણ જિલ્લાના લાખો પશુપાલકોને મદદરૂપ થવાનું ઈશ્વરીય કાર્ય કરી રહ્યા છો. છેલ્લા પાંચ વર્ષમાં આપણે જે સ્વપ્ના જોયા હતા તે પૂર્ણ કર્યા છે. આપણી દેશી કાંકરેજી ગાયના સંવર્ધન માટે આપણે અથાક મહેનત કરીને તેના દૂધમાં વધારો થયો છે અને ૨૫-૨૬ લિટર દૂધ આપતી થઈ છે. જે દેશ માટે દિશા આપવા વાળી વાત છે. દેશી ગાયોની સંખ્યા પણ વધીને સાડાત્રણ લાખ થઈ છે. આવનારા સમયમાં તેને નવ લાખ સુધી પહોંચાડવી છે, આ દિશામાં એન.ડી.ડી.બી. સાથે અને રાજ્ય સરકારના સંકલનમાં કામ ચાલી રહ્યું છે.

દૂધના વ્યવસાયની સાથે સાથે નવા વ્યવસાય જેવા કે બટાકાનું વેલ્યુ એડીશન, ટેક હોમ રાશન પ્લાન્ટ, મધ પ્રોજેક્ટ અને ગોબરગેસ જેવા નવા પ્રોજેક્ટોથી પશુપાલકોની આવક વધારવાનું કામ પણ બનાસડેરી થકી થઈ રહ્યું છે. દેશી ગાયના છાણ-મૂત્ર માંથી ઔષધિ બને તે દિશામાં પણ હવે કામ કરવાનું વિચારી રહ્યા હોવાનું જણાવીને તેમણે આવનારા સમયમાં દેશ માટે મોડલ રૂપ ડેરી બનવાના દિવસો હવે દૂર નથી. આવનારા સમયમાં દૂધનું સંપાદન એક કરોડ લિટર થવાનું છે ત્યારે ઝારખંડ, ઓરિસ્સા અને ઉત્તરાખંડના વિસ્તારોમાં નવા માર્કેટ આપણે સ્થાપી રહ્યા છે. પરિણામે દૂધના આટલા મોટા જથ્થાનો અવેર કરી શકીશું. આપણે સ્થાપેલી મેડિકલ કોલેજ આજે કોરોના મહામારીમાં આશીર્વાદરૂપ સાબિત થઈ છે. હજુ પણ મેડિકલ કોલેજ અને અદ્યતન હોસ્પિટલના માધ્યમથી પશુપાલકો માટે ઉત્તમ સેવાઓ આપવા કટિબદ્ધ છીએ.





**સારસ્વત હાઈસ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

૭૪માં સ્વાતંત્ર્યતા દિવસ નિમિત્તે સારસ્વત હાઈસ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી અને લાયન્સ ક્લબના પ્રમુખ સમીરભાઈ મિર્ઝાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારે એ સમયે લાયન્સ અને લીઓ ક્લબના તમામ સભ્યો, સારસ્વત હાઈસ્કૂલ પરિવાર તથા નવયુગ વિદ્યાલય તમામ સ્ટાફની હાજરીમાં ઉજવણી કરવામાં આવી હતી. તેમજ કોરોનાની મહામારીને જોતા સરકારની ગાઈડલાઈન મુજબ ધ્વજવંદનનો કાર્યક્રમ કરાયો હતો. આ પ્રસંગે સારસ્વત હાઈસ્કૂલના આચાર્ય આરીફભાઈ મિર્ઝા આજના સમયે વિશ્વમાં જ્યારે કોરોના મહામારી ચાલી રહી છે તે સમયે કામ કરતા કોરોના વોરિયર્સના તમામ કર્મચારીઓની કામગીરીને ખૂબ બિરદાવી હતી.



**બાયડ શીત કેન્દ્ર ખાતે નવીન બીએમસીયુ પ્લાન્ટનો શુભારંભ**

આજરોજ જી.સી.એમ.એમ.એફ.ના ચેરમેન શામળભાઈ પટેલ તથા ગુજરાત ખેતી બેન્કના પૂર્વ ચેરમેન કનુભાઈ એમ. પટેલના હસ્તે બાયડ શીતકેન્દ્ર ખાતે દીપ પ્રાગટ્ય અને વૃક્ષારોપણ કરી નવીન બી.એમ.સી.યુ. પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે સાબરડેરીના ડિરેક્ટર સુભાષભાઈ પટેલ, મેનેજીંગ ડિરેક્ટર બી.એમ. પટેલ, જનરલ મેનેજર જે.ડી. પટેલ, ડી.જી.એમ. (એન્જી.) આર.જે. દેસાઈ, સાબરડેરીના દરેક હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ તથા ડેરીના કર્મચારીઓ હાજર રહ્યા હતા. બી.એમ.સી.યુ. પ્લાન્ટ આવવાથી સાબરડેરીનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટશે જેના કારણે સાબરડેરીના નફામાં સીધે સીધો વધારો જોવા મળશે.